આખરે 12 વર્ષ બાદ ડિગ્રી એન્જિનિયરિંગની તમામ બેઠક ફૂલ

48,967 અરજદારોમાંથી 46,702ને મેરિટ

10 ઓગસ્ટ સુધી પ્રવેશ કન્ફર્મ કરવાની મુદત

અમદાવાદ : રાજ્યમાં ડિગ્રી એન્જિનિયરિંગના સરકારી, અનુદાનિત સંસ્થાઓ અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેક્નોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (IITRAM) માટેની પ્રવેશ પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. અંતિમ રાઉન્ડની બેઠક ફાળવણી જાહેર થતાં ત્રણેય પ્રકારની સંસ્થાઓની તમામ બેઠકો ભરાઈ ગઈ છે. વર્ષ 2014 બાદ પ્રથમ વખત સરકારી અને અનુદાનિત એન્જિનિયરિંગ સંસ્થાઓની એકપણ બેઠક ખાલી રહી નથી.

પ્રવેશ સમિતિના સત્તાવાર સુત્રોના જણાવ્યા પ્રમાણે વર્ષ 2026માં કુલ 48,967 વિદ્યાર્થીઓએ અરજી કરી હતી, જેમાંથી 46,702 વિદ્યાર્થીઓને મેરિટ નંબર આપવામાં આવ્યો હતો. અંતિમ રાઉન્ડ પહેલાં સરકારી, અનુદાનિત સંસ્થાઓ અને IITRAMમાં કુલ 444 બેઠકો ખાલી હતી. આ બેઠકો માટે 13,487 વિદ્યાર્થીઓએ પસંદગી પ્રક્રિયામાં ભાગ લીધો હતો.

અંતિમ રાઉન્ડ પૂર્ણ થતાં સરકારી સંસ્થાઓમાં કુલ 967 નવી બેઠક ફાળવણી કરવામાં આવી છે. તેમાં અગાઉ ખાલી રહેલી 444 બેઠકો ભરાઈ ગઈ છે, જ્યારે બાકીની બેઠક ફાળવણી રિ-શફલિંગના કારણે થઈ છે. રાજ્યની 16 સરકારી એન્જિનિયરિંગ સંસ્થાઓમાં 9,385 નિયમિત બેઠકો અને 405 TFWS બેઠકો સહિત તમામ બેઠકો ભરાઈ ગઈ છે. તે જ રીતે ત્રણ અનુદાનિત (GIA) સંસ્થાઓમાં 1,584 નિયમિત બેઠકો અને 74 TFWS બેઠકો પર પણ સંપૂર્ણ પ્રવેશ ફાળવણી થઈ છે. કોઈપણ શ્રેણીની એકપણ બેઠક ખાલી રહી નથી.

વિદ્યાર્થીઓ પોતાના લોગ-ઈન પર સીટ ઓલોટમેન્ટ વિભાગમાં જઈ બેઠક ફાળવણી જોઈ શકશે. ફાળવાયેલી બેઠક સ્વીકારવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ નિયત ઓનલાઈન ફી ભરીને પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે, જ્યારે ફીમાંથી મુક્તિ ધરાવતા વિદ્યાર્થીઓ ઓનલાઈન પ્રક્રિયા પૂર્ણ કરીને સીધો પ્રવેશ કન્ફર્મ કરી શકશે. તમામ વિદ્યાર્થીઓએ પોતાનો એડમિશન લેટર ડાઉનલોડ કરવાનો રહેશે.

પ્રવેશ કન્ફર્મ કરવાની અંતિમ તારીખ 10 ઓગસ્ટ, 2026 નક્કી કરવામાં આવી છે. સમિતિએ વાલીઓ અને વિદ્યાર્થીઓને સમયમર્યાદામાં પ્રક્રિયા પૂર્ણ કરવાની અપીલ કરી છે.

પ્રવેશ સમિતિએ સ્પષ્ટતા કરી છે કે હવે પ્રવેશનો વધુ કોઈ રાઉન્ડ યોજવામાં આવશે નહીં. આ ઉપરાંત પ્રવેશ કન્ફર્મ કરવા માટે કોઈપણ સંસ્થામાં મૂળ દસ્તાવેજો જમા કરાવવાની જરૂર નથી. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા ચાલુ હોય ત્યાં સુધી સમગ્ર સેમેસ્ટરની ફી ભરવી પણ ફરજિયાત નથી.

રાજ્યમાં TET-1 ભરતીને ગુજરાત હાઈકોર્ટની મંજૂરી

અમદાવાદ : રાજ્યમાં લાંબા સમયથી અટવાયેલી ટેટ-1 વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયાને લઈને ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારના વચગાળાના પ્રસ્તાવને મંજૂરી આપતાં હવે ભરતી પ્રક્રિયા આગળ વધવાનો માર્ગ મોકળો બન્યો છે.

ગુજરાત હાઈકોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણીમાં રાજ્ય સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે કેટલાક ઉમેદવારો દ્વારા કરવામાં આવેલી અરજીઓને કારણે ભરતી પ્રક્રિયા લાંબા સમયથી અટવાઈ ગઈ છે. શિક્ષકોની ભરતીમાં વધુ વિલંબ ન થાય તે માટે સરકારે વચગાળાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેને ગુજરાત હાઈકોર્ટે મંજૂરી આપી છે.

રાજ્ય સરકાર દ્વારા રજુ કરાયેલા પ્રસ્તાવ પ્રમાણે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરનાર 700થી વધુ ઉમેદવારોને લગતી જગ્યાઓ હાલ પૂરતી ખાલી રાખવામાં આવશે, જ્યારે બાકીની તમામ ઉપલબ્ધ જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. પરિણામે લાંબા સમયથી અટકેલી ભરતી હવે ઝડપથી પૂર્ણ થવાની શક્યતા છે.

UPI ની ચૂકવણી પર ફી લાગશે તો કેશલેસ ભારતનું સપનું મોંઘું પડી જશે

ભાજપ સરકારે ૨૦૧૬માં નોટબંધી કરી તે પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદી જોરશોરથી કહેતા હતા કે તેમનું સપનું ભારતને 'કેશલેસ' રાષ્ટ્ર બનાવવાનું છે. જ્યારે તેમને સમજાયું કે ભારત જેવો વિશાળ દેશ ક્યારેય 'કેશલેસ' થઈ શકે નહીં ત્યારે તેમણે પોતાનો સૂર બદલ્યો કે 'કેશલેસ'ન થવાય તો 'લેસકેશ'નો લક્ષ્યાંક હાંસલ કરવો જોઈએ. નોટબંધી પછી સરકારે જે આર્થિક સુધારા કર્યા તેમાં મુખ્ય સુધારો UPI દ્વારા રૂપિયાની ચૂકવણીને સુગમ બનાવવાનો હતો. આ માટે સરકાર દ્વારા BHEEM એપ લોન્ચ કરવામાં આવી અને ખાનગી કંપનીઓ દ્વારા પણ PayTm, GPay જેવી એપ લોન્ચ કરવામાં આવી હતી, જેનો ખાસ કરીને નવી પેઢી દ્વારા બહોળો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આજનાં ચુવાનો તો ૧૦ રૂપિયા જેવી નાની રકમની પણ ચૂકવણી કરવી હોય તો ખિસ્સાંમાંથી મોબાઈલ કાઢે છે અને QR Code સ્કેન કરીને ચૂકવણી કરી દે છે. UPIને વિશ્વમાં ભારતની સૌથી મોટી સફળતા ગણી શકાય તેમ છે. ૨૦૨૫-૨૬માં ૨૪,૦૦૦ કરોડથી વધુ UPI વ્યવહારો થયા હતા, જેનું કુલ મૂલ્ય ૩૧૪ લાખ કરોડ રૂપિયાથી વધુ હતું. સરખામણી માટે, ગયા નાણાંકીય વર્ષમાં ભારતનો GDP ૩૪૬.૪ લાખ કરોડ રૂપિયા હતો. UPI ની ભવ્ય સફળતાથી સરકારનાં મોંમાં પાણી આવી રહ્યાં છે અને તે તેમાંથી કમાણી કરવાની તક શોધી રહી છે.

એક હેવાલ મુજબ આપણી સરકાર ૨,૦૦૦ રૂપિયાથી વધુના UPI ટ્રાન્ઝેક્શન પર ચાર્જ લેવાનો વિચાર કરી રહી છે. આ દિશામાં પ્રથમ પગલાંના રૂપમાં મંગળવારે સંસદમાં ચુકવણી અને સમાધાન પ્રણાલી કાયદામાં પ્રસ્તાવિત સુધારા રજૂ કરવામાં આવ્યા હતા. જો કે, નાણાંમંત્રી નિર્મલા સીતારમણે સ્પષ્ટતા કરી છે કે UPI પર MDR લાગુ કરવા અંગે હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) એ ફી છે જે વેપારીઓ ડિજિટલ ચુકવણી પ્રક્રિયા કરવા માટે બેંકો અને ચુકવણી સેવા પ્રદાતાઓને ચૂકવે છે. નિર્મલા સીતારમણે કહ્યું કે MDR ફક્ત વેપારીઓને લાગુ પડે છે, સામાન્ય ગ્રાહકોને નહીં. આનાથી બેંકો અને ફિનટેક કંપનીઓ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, નવીનતા અને સુરક્ષામાં વધુ રોકાણ કરી શકશે, જેનો લાભ બધા UPI વપરાશકર્તાઓને મળશે. હકીકતમાં નાણાંમંત્રીએ ચાર્જ લેવા બાબતમાં ઇનકાર કર્યો નથી.

ભારતમાં ક્રેડિટ કાર્ડ ચુકવણી પર સામાન્ય રીતે લગભગ ૧.૫ ટકા MDR વસૂલવામાં આવે છે, જ્યારે ડેબિટ કાર્ડ સામાન્ય રીતે ૦.૯ ટકા સુધી ચાર્જ કરે છે. હાલમાં મોટા ભાગના વેપારીઓ UPI ચુકવણી માટે કોઈ MDR વસૂલતા નથી. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI) ના ગવર્નર સંજય મલ્હોત્રાએ બુધવારે સંકેત આપ્યો હતો કે UPI વ્યવહારો માટે મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) માળખાંમાં કોઈ પણ સંભવિત ફેરફારો અંગે ટિપ્પણી કરવી હજુ વહેલું ગણાશે, પરંતુ દેશની ઝડપથી વિકસતી ડિજિટલ પેમેન્ટ ઇકોસિસ્ટમને ટકાઉ ભંડોળ પ્રણાલીની જરૂર પડશે, કારણ કે UPI વ્યવહારોનું પ્રમાણ સતત વધી રહ્યું છે. જાન્યુઆરી ૨૦૨૦ થી RuPay ડેબિટ કાર્ડ અને UPI વ્યવહારો પર MDR વસૂલવામાં આવતો ન હતો. હવે કાયદામાં કરાનારો આ સુધારો એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા મોટા વ્યવસાયોને કરવામાં આવતાં UPI અને RuPay ડેબિટ કાર્ડ પેમેન્ટ પર MDR ચાર્જ લાદવા માટેનો પાયો નાખે છે. સોમવારે લોકસભામાં આ વિષયક બિલ રજૂ થયાના એક દિવસ પહેલાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યાલયે તેના X હેન્ડલ પર લખ્યું હતું કે ભારતના UPI વ્યવહારો જુલાઈમાં ૨૩.૬૬ અબજના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયા હતા.

આ સંભવિત પગલાં પર નિશાન સાધતાં કોંગ્રેસે કહ્યું કે ''વડા પ્રધાન મોદીએ તમારાં ખિસ્સાં કાપવાની યોજના બનાવી છે. ટૂંક સમયમાં, તમારી પાસેથી ૨,૦૦૦ રૂપિયાથી વધુની UPI ચુકવણી માટે ખંડણી માંગવામાં આવી શકે છે. લોકો પહેલેથી જ મોંઘવારીથી પીડાઈ રહ્યાં છે, પરંતુ નરેન્દ્ર મોદીને તેનાથી કોઈ ફરક પડતો નથી. તેઓ નવી યોજનાઓ રજૂ કરીને તમારા પૈસા છીનવી લેવા માંગે છે.''UPI ચુકવણી સંબંધિત કેન્દ્ર સરકારના બિલ પર ભાજપના સાંસદ અને કન્ફેડરેશન ઓફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સના જનરલ સેક્રેટરી પ્રવીણ ખંડેલવાલે જણાવ્યું હતું કે ''બિલને પહેલાં આવવા દો. જો સરકાર તેને લાવી રહી છે, તો તેની પાછળ કેટલાંક તાર્કિક કારણો હોવાં જોઈએ. ભારતે ડિજિટલ ચુકવણી ખૂબ જ ઝડપથી અપનાવી છે અને UPI વ્યવહારોનું પ્રમાણ વૈશ્વિક રેકોર્ડ છે. બિલની જોગવાઈઓ જાહેર થશે ત્યારે પરિસ્થિતિ વધુ સ્પષ્ટ થશે, પરંતુ મારું માનવું છે કે તે ડિજિટલ ચુકવણી વપરાશકર્તાઓને વધુ સુવિધા આપશે. ચોક્કસ મર્યાદાથી વધુ ફી વસૂલવાના પ્રશ્ન પર, તેમણે કહ્યું કે જ્યારે પણ કોઈ પણ સેવાનો ઉપયોગ કરવામાં આવે છે,ત્યારે તેના માટે ફી વસૂલવામાં આવે છે. ૨,૦૦૦ રૂપિયા સુધીના વ્યવહારોને મુક્તિ આપવામાં આવી છે, જેથી સામાન્ય લોકો પર કોઈ બોજ ન પડે. જો વધારાની સુવિધાઓ પૂરી પાડવામાં આવે તો બેંકિંગ સેવાઓ પર વસૂલવામાં આવતા ચાર્જની જેમ નજીવા શુલ્ક સ્વીકાર્ય છે. જો વ્યવસાય કરવાનું સરળ હોય અને લોકોના જીવનમાં સુવિધા જળવાઈ રહે તો વેપારીઓ ચૂકવણી કરવાની વિરુદ્ધ નથી.''ભાજપના સાંસદની આ વાતથી ખ્યાલ આવે છે કે સરકારે ૨,૦૦૦ રૂપિયાથી વધુની UPI ચૂકવણી પર ચોક્કસ ચાર્જ લાદવા બાબતમાં પોતાનો નિર્ણય ક્યારનો કરી લીધો છે.

૬ ઓગસ્ટના રોજ ધ હિન્દુમાં એક અહેવાલ પ્રકાશિત થયો હતો કે RBI પાસે UPI ઉપયોગ માટે ચૂકવણી કરવા માટે પૂરતું ભંડોળ છે. સરકારી સૂત્રોને ટાંકીને આ લેખમાં કહેવામાં આવ્યું છે કે બેંકોને MDR વસૂલવાની મંજૂરી આપવાનો પ્રસ્તાવ હાલમાં મર્યાદિત શ્રેણીના વેપારીઓ સુધી મર્યાદિત છે, જેમાં ૧થી ૧.૫ કરોડ રૂપિયાનું વાર્ષિક ટર્નઓવર અને ૨,૦૦૦ રૂપિયાથી વધુના વ્યવહારો ધરાવતા વેપારીઓનો સમાવેશ થાય છે. જો કે, બિલની ભાષા ભવિષ્યમાં આ ફીને વ્યાપક શ્રેણીના વ્યવહારો પર લાગુ કરવાનો માર્ગ પણ ખોલે છે. બેંકિંગ ઉદ્યોગના અધિકારીઓના મતે UPI સિસ્ટમ ચલાવવા અને જાળવવાનો ખર્ચ હાલમાં પ્રતિ વ્યવહાર આશરે ૩.૦૪ થી ૩.૧ છે. સત્તાવાર માહિતી અનુસાર, ૨૦૨૫-૨૬ માં ૨૪,૧૬૧.૬૯ કરોડ UPI વ્યવહારો કરવામાં આવ્યા હતા. આના આધારે તેને ચલાવવાનો વાર્ષિક ખર્ચ આશરે ૯,૬૬૪ કરોડ અને ૨૪,૧૬૧ કરોડ રૂપિયાની વચ્ચે થાય છે. ભારતીય રિઝર્વ બેંક (RBI) એ ૨૦૨૫-૨૬ માં આશરે ૪.૩ લાખ કરોડની કમાણી કરી હતી. તેમાંથી આશરે ૨.૯ લાખ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારને સરપ્લસ તરીકે આપવામાં આવ્યા હતા. તે જ વર્ષમાં UPI સિસ્ટમ ચલાવવાનો ખર્ચ આ સરપ્લસના આશરે ૩ થી ૮.૫ ટકા જેટલો થયો હોત. RBI નું સરપ્લસ ટ્રાન્સફર ૨૦૨૧-૨૨ માં ૩૦,૩૦૭.૪૫ કરોડથી વધીને ૨૦૨૫-૨૬ માં ૨.૯ લાખ કરોડ રૂપિયા થયું, જે ૮૫૭ ટકાનો વધારો દર્શાવે છે.

ટાઈમ્સ ઓફ ઇન્ડિયાએ તા. ૬ ઓગસ્ટના તંત્રીલેખમાં લખ્યું છે કે UPI ને ભારતની સૌથી મોટી સફળતાઓમાં ગણી શકાય તેમ છે. તે વિશ્વનું સૌથી મોટું રીઅલ-ટાઇમ પેમેન્ટ પ્લેટફોર્મ છે. વૈશ્વિક સ્તરે આવી લગભગ અડધી ચુકવણીઓ આ પ્લેટફોર્મ પર થાય છે. UPI આટલું મોટું કેવી રીતે બન્યું? તેનાં ઘણાં કારણો છે, પરંતુ જે નિર્ણયે તેના વિકાસને સૌથી વધુ વેગ આપ્યો તે UPI મફત કરવાનો નિર્ણય હતો. ૨૦૨૫-૨૬માં ભારતીય રિઝર્વ બેંકે આશરે ૧,૭૦૦ કરોડ ખરાબ નોટોનો નાશ કર્યો અને નવી ચલણી નોટો છાપવા માટે ૪,૮૭૫ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. જો UPI ન હોત, તો રોકડની માંગને પહોંચી વળવા માટે આ ખર્ચ કેટલો વધુ હોત? બેંકોએ એ પણ વિચારવું જોઈએ કે UPI ના કારણે તેઓ વધારાની શાખાઓ, ATM, સ્ટાફ અને રોકડ વ્યવસ્થાપન પર કેટલા હજારો કરોડ રૂપિયા બચાવી શક્યા છે. મફત UPI દેશ માટે સતત ફાયદાકારક સિસ્ટમ સાબિત થઈ છે. સરકારે ફી લાદવાને બદલે તેના ખર્ચને સરભર કરવાના રસ્તાઓ શોધવા જોઈએ.

લોકો સોશ્યલ મીડિયા પર આ અંગે પોતાની પ્રતિક્રિયાઓ વ્યક્ત કરી રહ્યા છે. ઋષિ બાગરીએ તેમની પોસ્ટમાં લખ્યું કે NPCI UPI સિસ્ટમ જાળવવા માટે વાર્ષિક આશરે ૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરે છે. આનાથી સરકારને ઓછી કિમતની નોટો છાપવા અને વેપારી ફી સંબંધિત ખર્ચમાં આશરે ૧,૫૦૦ કરોડ રૂપિયાની બચત થાય છે. આ જ કારણ છે કે મોદી સરકારે UPI ને કોઈ પણ ફી મુક્ત રાખવું જોઈએ. સરકાર જનતાનો અવાજ સાંભળવા તૈયાર છે ખરી?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

કોંગ્રેસે કહ્યું કે વડા પ્રધાન મોદીએ તમારાં ખિસ્સાં કાપવાની યોજના બનાવી છે. ટૂંક સમયમાં તમારી પાસેથી ૨,૦૦૦ રૂપિયાથી વધુની UPI ચુકવણી માટે ખંડણી માંગવામાં આવી શકે છે

વાઈબ્રન્ટ ગુજરાત-2027 માટે વૈશ્વિક રોકાણકારોને આમંત્રણ

17 ઓગસ્ટથી સીએમ અમેરિકા-કેનેડા અને ડેપ્યુટી સીએમ જાપાન-યુરોપના પ્રવાસે

ગાંધીનગર : આગામી જાન્યુઆરી-2027માં ગાંધીનગર ખાતે યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS)-2027ને વૈશ્વિક સ્તરે વધુ સફળ બનાવવા રાજ્ય સરકારે આંતરરાષ્ટ્રીય રોડ-શોની શરૂઆત કરવાનો નિર્ણય કર્યો છે. આ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ 17થી 24 ઓગસ્ટ દરમિયાન અમેરિકા અને કેનેડાના પ્રવાસે જશે, જ્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી જાપાન અને યુરોપના વિવિધ દેશોમાં રોડ-શો યોજીને વૈશ્વિક રોકાણકારો અને ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ સાથે બેઠક કરશે. રાજ્ય સરકારનો હેતુ વિશ્વભરના રોકાણકારોને ગુજરાતમાં ઉપલબ્ધ ઔદ્યોગિક તકો અને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2027માં ભાગ લેવા માટે આમંત્રિત કરવાનો છે.

મુખ્યમંત્રીના પ્રતિનિધિમંડળમાં મુખ્ય સચિવ એમ. કે. દાસ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. ટી. નટરાજન, ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર, ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપ, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ વિક્રાંત પાંડે સહિતના વરિષ્ઠ અધિકારીઓ જોડાશે. બીજી તરફ નાયબ મુખ્યમંત્રીના નેતૃત્વમાં જાપાન અને યુરોપમાં યોજાનારા રોડ-શોમાં પણ રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ અને ઉદ્યોગ વિભાગના પ્રતિનિધિઓ ભાગ લેશે.

આંતરરાષ્ટ્રીય રોડ-શો દરમિયાન સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ), ડેટા સેન્ટર, ગ્રીન હાઇડ્રોજન, રિન્યૂએબલ એનર્જી, અદ્યતન ઉત્પાદન, ઇલેક્ટ્રિક મોબિલિટી અને ઇન્ડસ્ટ્રી 4.0 જેવા ક્ષેત્રોમાં ગુજરાતની રોકાણ ક્ષમતાનું પ્રસ્તુતીકરણ કરવામાં આવશે. સાથે જ 'વિકસિત ભારત-2047'ના વિઝનને અનુરૂપ વૈશ્વિક ભાગીદારી મજબૂત કરવા અને મુક્ત વેપાર કરાર (FTA) ધરાવતા દેશો સાથે ઔદ્યોગિક સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ વખત 10 હંગામી કર્મચારીઓ સસ્પેન્ડ

નિમણૂક પ્રક્રિયામાં ગેરરીતિના આક્ષેપોની નિષ્પક્ષ તપાસ માટે કાર્યવાહી

અમદાવાદ: ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસમાં પ્રથમ વખત એકસાથે 10 કામચલાઉ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ કાર્યવાહીથી યુનિવર્સિટી વહીવટી વિભાગમાં ખળભળાટ મચી જવા પામી છે. કર્મચારીઓની નિમણૂક, શૈક્ષણિક લાયકાત, પાત્રતા તથા ભરતી પ્રક્રિયા સંબંધિત મુદ્દાઓની નિષ્પક્ષ, પારદર્શક અને તટસ્થ તપાસ થઈ શકે તે માટે યુનિવર્સિટી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા તા. 5 ઓગસ્ટ, 2026ના રોજ રચાયેલી સમિતિએ ભરતી પ્રક્રિયાની સમીક્ષા કર્યા બાદ 10 કામચલાઉ કર્મચારીઓને આગામી આદેશ સુધી સસ્પેન્ડ કરવાની ભલામણ કરી હતી. સમિતિનું માનવું હતું કે સંબંધિત કર્મચારીઓ ફરજ પર રહે તો તપાસની નિષ્પક્ષતા પર અસર થઈ શકે છે. આ ભલામણ સ્વીકારી યુનિવર્સિટી સત્તાવાળાઓએ તાત્કાલિક અસરથી સસ્પેન્શનના આદેશો જારી કર્યા છે. સસ્પેન્ડ કરાયેલા આધિકારી-કર્મચારીઓ 40 હજારથી લઈ 5 લાખ સુધીનો પગાર મેળવતા હતા.

સસ્પેન્ડ કરાયેલા કર્મચારીઓમાં જીયુએસઈસીના ગ્રુપ સીઈઓ શ્રીનિવાસ રાવ સુરેડ્ડી, આઈડીઓસઆરએફના સીઈઓ માનસિંહ રાજોરા, એઆઈસી-જીયુએસઈસીના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ બિસ્વજીત અધિકારી, ડિસાબ વિભાગના ઓએસડી દિનેશ કુમાર, સીપીસીના ડાયરેક્ટર તથા કે.એસ. સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટના ઈન્ચાર્જ ડાયરેક્ટર ડૉ. પાવન પંડિત, એસ્ટેટ વિભાગના ઈન્ચાર્જ એસ્ટેટ એન્જિનિયર ચંદ્રશેખર ઝા, પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ ડૉ. રાજ ચાવલા, લીગલ ઓફિસર તુષારભાઈ ત્રિવેદી, ફાયર ઓફિસર પરેશભાઈ સોની તેમજ પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ સોનલ મલ્હોત્રાનો સમાવેશ થાય છે.

આ કાર્યવાહી માત્ર તપાસની નિષ્પક્ષતા જળવાઈ રહે તે હેતુથી કરવામાં આવી છે. તપાસ પૂર્ણ થયા બાદ સમિતિના અહેવાલ તથા પ્રવર્તમાન નિયમોના આધારે અંતિમ નિર્ણય લેવામાં આવશે.

BUSINESS મિત્ર

સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજારમાં નફાવસુલી જોવા મળી

સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં, રોકાણકારોના રૂ. 1.60 લાખ કરોડ ઘટ્યા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 7: ભારતીય શેરબજારમાં સપ્તાહના અંતિમ દિવસે નફાવસુલીનું દબાણ જોવા મળ્યું હતું. છેલ્લા બે ટ્રેડિંગ સેશનથી શેરબજારમાં સુધારા સાથે રહ્યા બાદ આજે સેન્સેક્સ-નિફ્ટીમાં લાલ નિશાનમાં રહ્યા હતા. જેમાં નિફ્ટી 24600 પોઈન્ટની સપાટી તોડીને નરમ બંધ રહ્યા હતા. રોકાણકારોની સંપત્તિમાં રૂ. 1.60 લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે.

બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 495 લાખ કરોડ પરથી ઘટીને રૂ. 493 લાખ કરોડ પર પહોંચી ગઈ છે. આમ, રોકાણકારોને રૂ. 1.60 લાખ કરોડનું નુકશાન થયું છે.

હેવીવેઈટ ફાઈનાન્સીયલ શેરોએ દબાણ લાવ્યા હતા, જ્યારે આઈટી અને રિલાયન્સે શેરબજારને ઘટાડાને અટકાવવાનો પ્રયાસ કરાયો છે. જેમાં ફાઈનાન્સીયલ સર્વિસીસ, પ્રાઈવેટ બેન્ક અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સના શેરોમાં ઘટાડો નોંધાયો છે. જ્યારે ઓટો, આઈટી અને પીએસયુ બેન્કોમાં સુધારો થયો હતો.

બીએસઈ સેન્સેક્સ 455.59 પોઈન્ટ એટલે કે 0.59 ટકા ઘટીને 78499.17 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78757 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 78377 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 65.35 પોઈન્ટ એટલે કે 0.27 ટકા ઘટીને 24570.65 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24630 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24522 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 317.20 પોઈન્ટ એટલે કે 0.55 ટકા ઘટીને 57746.45 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે સીમેન્સ એનર્જીમાં 15.11 ગણા, બાટા ઈન્ડિયામાં 8.16 ગણા, પીટીસી ઈન્ડ.માં 7.41 ગણા, ફોર્ટીસ હેલ્થકેરમાં 6.95 ગણા, અને ચોલામાંડલમ ઈન્વેસ્ટમેન્ટમાં 5.8 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ટ્રાવેલ ફુડસમાં 41.18 ગણા, સીમેન્સ એનર્જીમાં 15.5 ગણા, ટાટા ઈન્વેસ્ટમેન્ટમાં 11.41 ગણા, ઈઆઈએચ લિ.માં 10.53 ગણા અને ક્રોમ્પ્ટોન ગ્રીવ્ઝમાં 7.18 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નજીવો સુધારો રહ્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.18 ટકા વધ્યો હતો અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ સપાટ રહ્યો હતો. જેની લીધે માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. બીએસઈ ખાતે 2044 શેરો વધ્યા હતા, જ્યારે 2215 શેરો ઘટ્યા હતા અને 201 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી ફાઈનાન્સીયલ સર્વિસીસ ઈન્ડેક્સ 1.48 ટકા ઘટ્યો હતો. જેમાં બજાજ ફાઈનાન્સ, બજાજ ફિનસર્વ, ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ, શ્રીરામ ફાઇનાન્સ, આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ, આઈસીઆઈસીઆઈ બેન્ક, જિયો ફાઈનાન્સીયલ સર્વિસીસ, કોટક મહિન્દ્રા બેન્ક, એક્સિસ બેન્ક અને એચડીએફસી લાઈફ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો આજે પણ પોઝિટિવ ચાલ દર્શાવી રહ્યા છે અને જુનના અંત પછી તેમના સૌથી મજબૂત સાપ્તાહિક લાભને સુરક્ષિત કરવા માટે ટ્રેક પર રહ્યા છે, હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવાના ડીલથી ક્રુડ ઓઈલના ભાવને હળવા કરવામાં અને ફુગાવાના દબાણને ઘટાડવામાં મદદ મળશે તેવી આશા પર રોકાણકારોને સેન્ટિમેન્ટમાં સુધારો થતા એશિયન બજારો પણ ઉંચા બંધ રહ્યા હતા. જુલાઈમાં ચીનની નિકાસ અપેક્ષા કરતા વધુ વધી હતી. જોકે, જુનના મજબૂત વિસ્તરણથી ગતિ મધ્યમ થઈ હતી, જે વૈશ્વિક માગને ટેકો આપે છે. જુલાઈમાં ચીનનો વેપાર સરપ્લસ 112.5 અબજ ડોલર હતો, જે જુનમાં નોંધાયેલા 125.6 અબજ ડોલરથી ઘટ્યો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.75 ટકા, કેક 0.42 ટકા અને ડેક્સ 0.84 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.29 ટકા, તાઈવાન 0.39 ટકા, કોસ્પી 0.60 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 1.04 ટકા, હેંગસેંગ 0.58 ટકા, જકાર્તા 1.03 ટકા અને શાંઘાઈ 1.01 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-455.59	78499.17
નિફ્ટી	-65.35	24570.65
બેન્ક નિફ્ટી	-317.20	57746.45

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટીસીએસ	3.36	2452.70
ગ્રાસીમ ઇન્ડ.	3.20	3323.00
હિન્દાલ્કો	3.17	1059.60
મહિન્દ્રા-મહિન્દ્રા	2.82	3502.00
એચસીએલ ટેકનો	1.62	1356.60

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફાઇનાન્સ	5.84	1078.00
બજાજ ફિનસર્વ	3.70	2008.90
ટ્રેન્ટ	3.54	2997.00
ICICI બેન્ક	2.50	1421.00
જિયો ફાઇનાન્સીયલ	2.39	256.80

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટીસીએસ	3.53	2453.70
મહિન્દ્રા-મહિન્દ્રા	2.53	3501.40
એસબીઆઇ	1.03	1096.05
ટેક મહિન્દ્રા	0.91	1649.90
ભારત ઇલે.	0.74	402.10

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફાઇનાન્સ	5.90	1082.00
બજાજ ફિનસર્વ	4.18	2